રજુ તારીખ :– ૩૧/૧૨/૨૦૨૪.
દાખલ તારીખ:– ૩૧/૧૨/૨૦૨૪.
ફેંસલ તારીખ :– ૨૦/૦૩/૨૦૨૬.
અવધિ :– વર્ષ માસ દિવસ
૦૧ ૦૨ ૨૦

---

**દેવભુમિ દ્વારકા જિલ્લાના મહે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. ખંભાળીયા.**

---

**ફોજદારી કેસ નં. ૩૩૦૭/૨૦૨૪**

**આંક :–**

**ફરિયાદી :– શ્રી સરકાર.**

**વિરૂધ્ધ**

**આરોપીઓ :– (૧) શ્યામ ભીખુસિંહ રાઠોડ,**
ઉ.વ. ૧૯, ધંધો– મજુરી,
રહે. દરબાર ગઢ, ધનપુરા,
તા. વીજાપુર, જી. મહેસાણા.

---

**ગુનો :– બી.એન.એસ. ની કલમ–૩૦૩(૨) મુજબ**

---

**ફરિયાદી તરફે :– વિ.એ.પી.પી.શ્રી એન.એચ.રાયઠ્ઠા**

**તહોમતદારો તરફે :– વિ.વ.શ્રી આર.બી.ગોજીયા તથા એન.એ.મુંદ્રા**

---

## –:: ચૂકાદો ::–

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે આરોપીએ ફરિયાદી તેમના પરિવાર સાથે લખનઉ રેલ્વે સ્ટેશનથી ધ્વારકા સુધી ટ્રેન મુસાફરી કરતા હતા તે દરમિયાન તા.૩૦/૧૧/૨૦૨૪ ના કલાક ૧૨:૩૦ થી ૦૧:૩૦ વાગ્યા દરમિયાન જામનગર થી ખંભાળીયા રેલ્વે સ્ટેશન વચ્ચે ફરિયાદીની માતા ઉંઘી રહેલ તે તકનો લાભ લઈ કોઈ અજાણ્યો ઈસમ પર્સમાંથી એક મો. ફોન કિંમત રૂા.૫,૭૯૯/– તથા રોકડ રૂા.૧૦,૦૦૦/– કુલ કિંમત રૂા.૧૫,૭૯૯/– નો મુદ્દામાલ ચોરી કરી લઈ ગયેલ અને તપાસ દરમિયાન આરોપી ચોરીના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ બી.એન.એસ. ની કલમ– ૩૦૩(૨) મુજબ આરોપી વિરુધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

(૨) ત્યારબાદ અત્રેની કોર્ટ ધ્વારા આરોપીને ધોરણસરના સમન્સ કાઢવામાં આવેલ જે સમન્સની બજવણી આરોપીને થતાં તેઓ અત્રેની કોર્ટમાં હાજર થયેલ જેથી આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો વીના મૂલ્યે આપવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આંક–૩ થી આરોપી વિરુધ્ધ તોહમતનામું ફરમાવવામાં આવેલ અને આરોપીનો આંક–૪ થી જવાબ નોંધતાં તેમણે તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ હોય ફરીયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદી શરદકુમાર રામચંદ્ર કુશવાહાની જુબાની | ૯ |
| ૨. | ફરિયાદ | ૧૦ |
| ૩. | રેલ્વે મુસાફરીની ટિકિટ | ૧૧ |
| ૪. | ફરિયાદી તરફે પુરાવો પૂરો થયા અંગેની પુરસીસ | ૧૨ |
| ૫. | પંચ સાહેદ ઈબ્રાહીમ હબીબભાઈ માજોઠીની જુબાની | ૧૪ |
| ૬. | આરોપીનું અટક પંચનામું | ૧૫ |
| ૭. | પંચ સાહેદ શબીર ઈદ્રીશભાઈ માજોઠીની જુબાની | ૧૬ |
| ૮. | ત.ક.અ. ભરતભાઈ દયારામભાઈ લુણાવીચાની જુબાની | ૧૭ |
| ૯. | સી.ડી.આર. એપ્લીકેશન ફોર્મ | ૧૮ |

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનો બી.એન.એસ.એસ. ની કલમ−૩૫૧ અન્વયે વીશેષ નીવેદન નોંધવામાં આવેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને બચાવના સાહેદ તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની કે વિશેષ નિવેદન આપવું નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે, તેઓ નિર્દોષ છે, તેઓને નિર્દોષ છોડવા અરજ કરેલ છે.

(૬) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે તથા આરોપી તરફે વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) ઉપરોકત પુરાવા તથા રજૂઆત ધ્યાને લેતાં કેસના નિર્ણય અંગે નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

## –:મુદૃા:–

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ફરિયાદી તેમના પરિવાર સાથે લખનઉ રેલ્વે સ્ટેશનથી ધ્વારકા સુધી ટ્રેન મુસાફરી કરતા હતા તે દરમિયાન તા.૩૦/૧૧/૨૦૨૪ ના કલાક ૧૨:૩૦ થી ૦૧:૩૦ વાગ્યા દરમિયાન જામનગરથી ખંભાળીયા રેલ્વે સ્ટેશન વચ્ચે ફરિયાદીની માતા ઉંઘી રહેલ તે તકનો લાભ લઈ આરોપીએ પર્સમાંથી એક મોબાઈલ ફોન કિંમત રૂા.૫,૭૯૯/– તથા રોકડ રૂા. ૧૦,૦૦૦/– કુલ કિંમત રૂા.૧૫,૭૯૯/– નો મુદૃામાલ ચોરી કરી લઈ ગયેલ અને તપાસ દરમિયાન આરોપી ચોરીના મુદૃામાલ સાથે પકડાઈ જઈ બી.એન.એસ. કલમ–૩૦૩(૨) મુજબનો ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદૃા ઉપરનો મારો નિર્ણય નીચે મુજબ છે :–

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

## –: કારણો :–

**મુદ્દા નં.૧ સબબ :–**

(૯) આ કામે આક્ષેપિત તહોમતનામાની વિગતે ફરિયાદપક્ષે આંક–૯ થી ફરિયાદી સાહેદ શરદકુમાર રામચંદ્ર કુશવાહાનાઓને તપાસેલ છે. તેમણે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૨૮/૧૧/૨૦૨૪ ના રોજ તેઓ સવારે સાડા દસ પોણા અગિયાર વાગે ગોરખપુર–ઓખા એકસપ્રેસમાં આખા કુટુંબ સાથે લખનઉથી દ્વારકા દર્શન કરવા માટે જતા હતા. તેઓ એ–૨ કોચમાં હતા અને તેમના સીટ નં.૧૯, ૧૦, ૨, ૧૧ અને ૧૨ હતા. તેઓ તા.૩૦/૧૧/૨૦૨૪ ના રોજ રાતના સાડા બાર વાગે જામનગર પહોંચ્યા ત્યારે તેમની માતાએ તેમનો ફોન છેલ્લે જોયેલો અને લગભગ દોઢેક વાગે ખંભાળીયા ખાતે તેમની આંખ ખુલતા તેમણે જોયું તો તેમનું આખું પર્સ ગુમ થયેલું હતું જેથી તેમની સાથે અન્ય એક પ્રવાસી મુસાફરી કરતા હોય તેમણે ટોઈલેટમાં જઈને જોયું તો ત્યાં તેમના માતાનું પર્સ મળેલું અને તેમના માતાના ફોનનું કવર મળેલું, પર્સ આખું ખાલી હતું તેમાં રાખેલ રોકડ રકમ રૂા.૧૦,૦૦૦/– તથા ઈન્ફીનીકસ ગોલ્ડ સ્માર્ટ ફોન જેના સીમ નં. ૬૩૯૪૧૬૬૦૭૮ હતા તે પર્સમાંથી ગાયબ હતા. ત્યારબાદ તેમણે ૧૯૩ માં ફોન કરતા તેમણે જણાવેલ કે તેઓ દ્વારકા તમારી એફ.આઈ.આર. નોંધી લેશે ત્યારબાદ લગભગ દોઢેક વાગે તેઓ દ્વારકા પહોંચતા ત્યાં રેલવે પોલીસે તેમની એફ.આઈ.આર. નોંધેલી. તેઓ આંક–૧૦ વાળી ફરિયાદમાં તેમની સહી ઓળખી બતાવે છે. તેમણે તેમની આ મુસાફરીની ટીકીટ ઓનલાઈન

કરાવેલી. તેઓ ટ્રેઈનમાં મુસાફરી કરી રહયા હતા તેમાં તેમના માતા–પિતા, તેમના ભાઈ–ભાભી, તેમના પત્ની, તેમના બે બાળકો તથા તેમના ભાઈનો દીકરો હતા. તેમણે બે ઓનલાઈન ટીકીટ કરાવેલી તે પૈકી તેમની માતાની ટીકીટ બતાવવામાં આવે છે તેમાં તેમના માતા તથા તેમના ઘરના ૩ વ્યકિતના નામ છે જે આંક–૧૧ વાળી ટિકિટ ઓળખી બતાવે છે. તેમણે રેલવે પોલીસને સદર કેસમાં આગળ કાર્યવાહી કરવી ન હોય તે બાબતનું એફીડેવીટ તથા કલોઝીંગ કરી આપેલ છે.જે આંક–૧૨ વાળા દસ્તાવેજમાં તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી ધ્વારા લીધેલ ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, પોલીસને પી.એન.આર નંબર લખાવેલ છે. દરેક કોચમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવે છે. તેમને ખબર નથી કે તેમના કોચમાં લગાવેલ હતા કે કેમ. દરેક રેલવે સ્ટેશન પર સીસીટીવી હોય છે. તેમણે તેમની ફરીયાદમાં કોઈ ઈસમનું નામ લખાવેલ નથી. તેમણે ફરીયાદમાં શકદાર તરીકે પણ કોઈનું નામ બતાવેલ નથી. પોલીસે કોઈ ઈસમની તેમની પાસે એકઝીકયુટીવ મેજી. સમક્ષ ઓળખ પરેડ કરાવેલ નથી. એક કોચમાં ઘણા બધા પેસેન્જર હોય છે.

(૧૦) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૧૪ થી પંચ સાહેદ ઈબ્રાહીમ હબીબભાઈ માજોઠી તથા આંક–૧૬ થી શબીર ઈદ્રીશભાઈ માજોઠીનાઓને તપાસેલ છે. તેઓ બંનેએ આંક–૧૫ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. તે સિવાય પંચનામા

વિશે કશું જાણતા ન હોવાનું જણાવેલ છે. આમ આ સાહેદે ફરિયાદપક્ષના કેસને સમર્થન ન આપતા વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી લીધેલ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષને સમર્થનકારી કોઈ પુરાવો આપેલ નથી. તથા આરોપી તરફે લીધેલ ઉલટતપાસમાં પોલીસે ફકત તેમનું નામ સરનામું પુછેલું એ સિવાય બીજી કાંઈ પુછેલ નહી. પોલીસે તેમની રૂબરૂ કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૧૧) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક-૧૭ થી ત.ક. અધિકારી ભરતભાઈ દયારામભાઈ લુણાવીયાનાઓને તપાસેલ છે. તેમણે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૨૨/૧૨/૨૦૨૪ ના રોજ તેઓ રેલ્વે પો.સ્ટે.માં પો.હેડ કોન્સ. તરીકે ફરજ પર હતા ત્યારે ૦૦૭૧/સીએચ/૧ ની તપાસ ગુનો દાખલ થયા બાદ તપાસ તેમને સોંપાતા તપાસના કામે બે પંચો રૂબરૂ આરોપી પાસેથી પંચનામાની વિગતેનો મુદ્દામાલ કબ્જે લીધેલ. આ પંચનામુ તેઓ ઓળખી બતાવે છે. તપાસના કામે મોબાઈલની સી.ડી.આર તથા એપ્લીકેશન ફોર્મ નાયબ પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ધ્વારા મંગાવવામાં આવેલ હોય જેમાં તેમની સહી ઓળખી બતાવે છે. જે આધારે કંપની તરફથી માહીતી મળતા તેમણે તપાસના કામે સામેલ રાખેલ. તપાસના કામે સાહેદોના નિવેદન લઈ આરોપી વિરૂધ્ધ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા બી.એન.એસ કલમ-૩૦૩(૨) મુજબ ચાર્જશીટ કરેલ. આરોપી હાજર હોય તો ઓળખી શકે. આરોપીઓ તરફે લીધેલ ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી ટ્રેનમાં ઘણા બધા પેસેન્જર મુસાફરી કરતા

હતા. ટ્રેનના અમુક કોચમાં સી.સી.ટી.વી હોય છે જયારે અમુક કોચમાં હોતા નથી. તેમણે સી.સી.ટી.વી બાબતે તપાસ કર્યા અંગેના કોઈ આધાર પુરાવો હાલના કામે રજુ કરેલ નથી. દરેક પ્લેટફોર્મ ઉપર સી.સી.ટી.વી હોય છે. ખંભાળીયા રેલ્વે સ્ટેશન પર સી.સી.ટી.વી નથી. હાલના કામના ફરીયાદીએ કોઈ વ્યકિતનું નામ બતાવેલ નથી કે કોઈને શકદાર તરીકે પણ બતાવેલ નથી. હાલના આરોપીની એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂ ફરીયાદી ધ્વારા ઓળખ પરેડ કરાવેલ નથી. ફરીયાદીએ તેની ફરીયાદમાં ચલણી નોટો કયા દરની કેટલી હતી તે બતાવેલ નથી. હાલના કામે તેમણે વોડાફોન કંપનીના કોઈ કર્મચારીનુ નિવેદન નોંધેલ નથી.

(૧૨) ફરિયાદ પક્ષે એવો કેસ છે કે, આરોપીએ ફરિયાદી તેમના પરિવાર સાથે લખનઉ રેલ્વે સ્ટેશનથી ધ્વારકા સુધી ટ્રેન મુસાફરી કરતા હતા તે દરમિયાન તા.૩૦/૧૧/૨૦૨૪ ના કલાક ૧૨:૩૦ થી ૦૧:૩૦ વાગ્યા દરમિયાન જામનગર થી ખંભાળીયા રેલ્વે સ્ટેશન વચ્ચે ફરિયાદીની માતા ઉંઘી રહેલ તે તકનો લાભ લઈ કોઈ અજાણ્યો ઈસમ પર્સમાંથી એક મો. ફોન કિંમત રૂા.૫,૭૯૯/- તથા રોકડ રૂા.૧૦,૦૦૦/- કુલ કિંમત રૂા.૧૫,૭૯૯/- નો મુદ્દામાલ ચોરી કરી લઈ ગયેલ અને તપાસ દરમિયાન આરોપી ચોરીના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ બી.એન.એસ. ની કલમ- ૩૦૩(૨) આ મુજબ ગુનો કરેલ છે, પરંતુ આંક-૯ થી ફરિયાદીની જુબાની લેવામાં આવેલ છે તેમાં ફરિયાદીએ આ સાહેદે તેમના પુરાવામાં આ ચોરી કોણે કરેલી તેની

તેમને જાણકારી ન હોવાનું જણાવેલ છે. આંક–૨૧ વાળી ફરિયાદમાં પણ હાલના આરોપીએ ચોરી કરેલ હોય તેવું જણાવેલ નથી. વધુમાં આંક–૧૪ તથા ૧૬ થી પંચ સાહેદોનો પુરાવો લેવામાં આવેલ છે. કે જેઓ બંને સાહેદો આરોપીનું અટક પંચનામા અને મુદ્દામાલ કબજે કરેલાના પંચ સાહેદો છે. તેઓ તેમના પુરાવામાં એવી કોઈ હકીકત જણાવેલ નથી કે હાલના આરોપીની અટક કરી મુદ્દામાલ કબજે કરેલ હોય, જેથી પણ આ સાહેદોના પુરાવાથી એ હકીકત પુરવાર થતી નથી કે હાલના આરોપીઓએ હાલનો મુદ્દામાલ ચોરી કરેલ છે. જયારે આંક–૧૭ થી ત.ક. અધિકારી ભરતભાઈનો પુરાવો રજુ થયેલ છે. તેમણે તેમના પુરાવામાં તેમણે કરેલ તપાસ મુજબની હકીકત જણાવેલ છે, પરંતુ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ સ્વીકારે છે કે, ફરિયાદમાં આરોપીનું નામ કે રોકડ રકમની વિગત દર્શાવેલ નથી તથા આરોપીની તેમના દ્વારા કોઈ ઓળખ પરેડ કરવામાં આવેલ નથી. આમ આ સાહેદના પુરાવા પરથી હાલના આરોપી પાસેથી જ ચોરી કરેલ મુદ્દામાલ પકડેલ હોવાનું જણાય આવતું નથી. જેથી ખુદ ફરિયાદી, પંચ સાહેદો તથા ત.ક. અધિકારીના પુરાવાથી એ હકીકત પુરવાર થતી નથી કે, હાલના આરોપીએ જ ચોરી કરેલ હોય, માત્ર આરોપીને પકડી પાડવા માત્રથી આરોપીએ ચોરી કરેલાનું માની શકાય નહી. કારણ કે, ભારતીય સાક્ષ્ય અધિનિયમમાં જોગવાઈ કર્યા મુજબ ચોરીનો માલ ચોરી થયાના તરત જ ચોરીનો મુદ્દામાલ આરોપી પાસેથી કબજે કરવામા આવે તો તે ચોરી

આરોપીએ કરેલાનું અનુમાન કરવાની જોગવાઈ છે, પરંતુ હાલના કામે તા. ૩૦/૧૧/૨૦૨૪ ના રોજ બનાવ બનેલ છે અને મુદ્દામાલ તા. ૨૨/૧૨/૨૦૨૪ ના રોજ કબજે કરેલ છે. એટલે કે, લગભગ ૧૫ દિવસ પછી મુદ્દામાલ કબજે થયેલ છે. જેથી બી.એસ.એ. ની જોગવાઈ મુજબ અનુમાન થઈ શકે નહી. આમ અન્ય કોઈ સીધો પુરાવો આરોપીએ ચોરી કર્યા બાબતનો ન હોય ત્યારે ચોરી કરેલાનું માની શકાય નહી. આમ, ફરિયાદીના ઉપરોકત પુરાવાથી હાલના આરોપીઓએ ફરિયાદીના મોબાઈલ અને રોકડ રકમની ચોરી કરેલ હોય તેવું પુરવાર થતું નથી. વધુમાં મુદામાલ રીકવર કરેલા પંચોએ મુદામાલ રીકવર પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, બનાવ સમયે અને સ્થળેથી આરોપીએ જ ચોરી કરેલ હોય અને આરોપી પાસેથી મુદામાલ કબજે કરવામાં આવેલ હોય તે હકીકત પુરવાર કરવાનું ફરિયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોય જેથી **મુદ્દા નંબર–૧નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે. મુદ્દા નંબર–૨ નો જવાબ નીચેના આખરી હુકમ મુજબ ઠરાવવામાં આવે છે :–**

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી **શ્યામ ભીખુસિંહ રાઠોડ રહે. દરબાર ગઢ, ધનપુરા, વિજાપુર, મહેસાણાનાઓને** બી.એન.એસ.એસ.ની કલમ–૩૦૩(૨) મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ. એકટની કલમ–૪૮૧ ની જોગવાઈ મુજબ

આરોપીએ અપીલ સમય દરમ્યાન એટલે કે ૬ માસની મુદત માટેના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)ના જામીન તેમજ એટલી જ રકમના જાતમુચરકા આ કોર્ટ સમક્ષ આપવા.

(૩) આરોપીઓ તરફે મુદ્દામાલ ફરિયાદીને પરત આપવામાં આવે તો વાંધો ન હોવાનું જણાવેલ હોય, મુદ્દામાલ રોકડ રકમ તથા મોબાઈલ ફોન બાબતે રોકડ રકમ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) ફરિયાદીને પરત આપવા તથા મોબાઈલ ફોનની માલિકીની ખરાઈ કરી ફરિયાદીને મોબાઈલ ફોન પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ–૨૦ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારા સહી–સિકકા કરી જાહેર કરવામાં આવ્યો.**

**ખંભાળીયા,**
**તા. ૨૦/૦૩/૨૦૨૬**

**(જનકકુમાર દેવજીભાઈ સોલંકી)**
**એડી. ચીફ જ્યુડી. મેજી.**
**મુ. ખંભાળીયા**
**કોડ નં.જી.જે.૦૦૯૭૯**